# પ્રાંતિજમાં દોઢ કલાકમાં સાડા ત્રણ ઈચ વરસાદ ખાબક્યો

**તેજ પવન-ગાજવીજ-કડાકા સાથે વરસાદ : વરસાદને લઈને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા : વિજળી પડતા ઈલેટોનિક ઉપકરણો બળી ગયાં**

પ્રાંતિજ, તા. ૧૪ સાબરકાંઠા જિલ્લા પ્રાંતિજ ખાતે જાણે મેઘરાજા મહેરબાન થયા હોય તેમ ગાજવીજ તેજ પવન કડાકા સાથે માત્ર દોઢ કલાક માં સાડા ત્રણ ઈચ વરસાદ ખાબક્યો હતો. નિચાણવાળા વિસ્તારોમાં પાણી પાણી થઈ ગયું હતું. નાનીભાગોળ રાવળવાસમાં વરસાદી પાણી લોકોના ઘરોમા ઘુસ્યા હતા. રેલ્વે અંડરબ્રીજમાં પાણી ભરતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

પ્રાંતિજ ખાતે રાત્રીના સમયે જાણે મેઘરાજા મહેરબાન થયા હોય તેમ જોત જોતામાં તેજ પવન ગાજવીજ કડાકા સાથે દોઢ કલાકમાં સાડા ત્રણ ઈચ વરસાદ વરસ્યો હતો. વરસાદને લઈને કેટલીય જગ્યાઓએ વરસાદી પાણી ભરાવવાના બનાવો બન્યા હતા જેમાં પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ શાન્તીનાથ સોસાયટી, એપ્રોચરોડ ઉપર આવેલ ઉમાપાર્ક સોસાયટી, નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ગોકુલપાર્ક સોસાયટી સહિત રેલ્વે સ્ટેશન ઉપર આવેલ અંડરબ્રીજમાં પણ પાણી ભરાયું હતું. પ્રાંતિજ નાનીભાગોળ વિસ્તારોમાં આવેલ રાવળવાસમાં પણ વરસાદને લઈને વરસાદી પાણી લોકોના ઘરોમાં પાણી ઘુસ્યા હતા. રહીશો દ્વારા ડોલો વડે રાત્રીના સમયે પાણી ઉલેચતા જોવા મલ્યા હતાં. રેલ્વે અંડરબ્રીજમાં પણ પાણી ભરાતા વાહનચાલકોને પરેશાનીઓનો સામનો કરવો પડ્યો હતો. ચોમાસાની વિદાય સમયે અચાનક પ્રાંતિજ સહિત તાલુકામાં મેઘરાજાની મેઘ મહેર થતા ધરતીપુત્રો સહિત નગરજનોમાં ખુશી જોવા મળી હતી. વિજળી પડવાને લઈને કેટલીક જગ્યાએ ઈલેટોનિક ઉપકરણો પણ બળી જવાની ઘટનાઓ પણ સામે આવી છે.





## હાથમતી ડેમ ઓવરફ્લો થતા પાણી બામણા ગામમાં ઘુસ્યુ

**પશુપાલકો અને રહીશોને ડેમનું પાણી પીવાનો વખત આવ્યો વહિવટીતંત્ર ઘાસચારો અને પીવાના પાણીની વ્યવસ્થા કરે**

હિંમતનગર, તા. ૧૪

વર્ષો અગાઉ જ્યારે હાથમતી અને ઈન્દ્રાસી નદી પર દરવાજા વગરનો ડેમ બનાવાયો ત્યારે તે સમયે આસપાસના વિસ્તારોમાં આવતી ખેતીલાયક, જંગલ તથા પંચાયત હસ્તકના સીમાડાઓની જમીન ડુબમાં ગઈ છે. જેમાં અનેક હેક્ટર જમીન ખેતીલાયક પણ હતી. જોકે તે સમયે જમીન સંપાદનની કામગીરી કરાઈ ત્યારે અસરગ્રસ્તો માટે વિકલ્પ અપાયા હતા તેમ છતા બામણા ગામે રહેતા અનેક પરીવારો આ વર્ષે ડેમ ઓવરફ્લો થવાને કારણે પાણી ગામમાં આવી ગયુ છે. અને કુવામાં આ પાણી ભરાઈ જતા લોકોને મજબુરીથી કુવાનું ગંદુ પાણી પીવાનો વખત આવ્યો છે તથા પશુઓ પણ ચારો ચરવા જઈ શકતા નથી જેથી તંત્રએ ગામની આપદા સમજીને મદદરૂપ થવુ જોઈએ જેના માટે સોમવારે ગ્રામજનોએ કલેક્ટરને આવેદનપત્ર પણ આપ્યુ છે.



આ અંગે હિંમતનગર તાલુકાના બામણા ગામના પરશોત્તમદાસ પરમાર તથા ગ્રામજનોના જણાવાયા મુજબ વર્ષો અગાઉ જયારે હાથમતી ડેમ બંધાયો ત્યારે આ પંચાયતની જમીન ડુબમાં ગઈ છે. પરંતુ વર્ષોથી ડેમ સંપુર્ણ રીતે ભરાતો ન હોવાને કારણે બામણા ગામના સીમાડા સુધી ડેમનું પાણી ખુબજ નહીવત આવતુ હતુ જેથી ગામના અંદાજે ૨૦૦થી વધુ પરીવારો ચોમાસામાં પણ પશુપાલન અને ખેતી પર નભીને જીવન ગુજારો કરતા હતા. પરંતુ આ વર્ષે ડેમના કેચમેન્ટ એરીયામાં પડેલા વધુ વરસાદને કારણે ડેમ છલોછલ થઈ ગયો છે. જેથી ડેમનું પાણી બામણા ગામમાં આવી ગયુ છે. કેટલાક ઘરોમાં તો પાણી આવી જતા લોકોને અન્ય સ્થળે રહેવા મજબુર થવુ પડ્યું છે.

ડેમ ભરાઈ જવાને કારણે સૌથી મોટી મુશ્કેલી એ ઉભી થઈ છે કે જે કુવામાંથી લોકો પીવાના પાણીનો ઉપયોગ કરતા હતા તે કુવો અત્યારે ડેમના પાણીથી ભરાઈ ગયો છે. તેના કારણે ના છુટકે ગ્રામજનો કુવાનું આ ડહોળુ પાણી પીવુ પડે છે. એટલુ જ નહી પણ ગામની નજીક જંગલ વિસ્તાર આવેલો હોવા છતાં અત્યારે પાણી હોવાથી ગામના પશુપાલકો પશુઓ માટે લીલા ઘાસચારાની વ્યવસ્થા કરી શકતા નથી.

**ધાનેરા પ્રાંત અધિકારી અને નગરપાલિકા ચીફ ઓફિસર**

## કુમળા બાળકોનું શોષણ કરનાર કોન્ટ્રાક્ટરને પાઠ ભણાવે તેવી લોકમાંગ



કુમળા બાળકોનું શોષણ ન થાય અને દેશમાંથી બાળ મજુરી નાબુદી થાય તે માટે સરકાર દ્વારા અવનવા કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે અને બાળકો શિક્ષણ મેળવી શકે તે માટે રાહત પણ આપવામાં આવી રહી છે તેમ છતાં પણ ક્યાંક ને ક્યાંક આજે પણ બાળ મજૂરોનું શોષણ થતું હોય તેવું સામે આવી રહ્યું છે ધાનેરા નગરપાલિકા દ્વારા વાંકલ કૃપા કન્ટ્રકશન નામના કોન્ટ્રાક્ટરને ધાનેરા લાલ ચોક ની બાજુમાં બ્લોક પાથરવાની કામગીરી આપવામાં આવી હતી.


પરંતુ આ કોન્ટ્રાક્ટર દ્વારા ઓછી મંજૂરી આપવી પડે તે માટે બાળ મજૂરો પાસે કાળી મજૂરી કરાવવામાં આવી રહી છે સમગ્ર ઘટનાને લઈને મીડિયા દ્વારા આ બાબતે નગરપાલિકા નું ધ્યાન પણ દૂર કરવામાં આવ્યું હતું તેમ છતાં અત્યાર સુધી આ કોન્ટ્રાક્ટર સામે કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી જેથી કરીને સ્થાનિક લોકોની માંગ છે કે ધાનેરાના પ્રાંત અધિકારી તેમજ પાલિકાના ચીફ ઓફિસર આવા કોન્ટ્રાક્ટરને પાઠ ભણાવે અને બાળકોનું શોષણ કરનાર કોન્ટ્રાક્ટરને કાયમ માટે સરકારી કોન્ટ્રાક્ટ આપવાનું બંધ કરવું જોઈએ તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## પ્રાંતિજના વડવાસા પાટીયા પાસે ગમખ્વાર અકસ્માત, એકનું મોત

**અકસ્માતમાં પ્રાંતિજ નગરપાલિકાના પૂર્વ મહિલા પ્રમુખ સુંદરબેન તુલસીભાઇ કહારનુ ઘટના સ્થળે મોત : ઇકો કારમાં સવાર છ ને ઇજાઓ પહોચતા ૧૦૮ મારફતે પહેલા પ્રાંતિજ અને વધુ સારવાર હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા**

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લા



પ્રાંતિજના હિંમતનગર અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના વડવાસા પાટીયા પાસે ઈકોકાર અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં ઈકોમા સવાર પ્રાંતિજ નગરપાલિકાના પૂર્વ મહિલા પ્રમુખ સુંદરબેન તુલસીભાઈ કહારનું ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. અન્ય છ ને ઈજાઓ પહોચતા ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજના વડવાસા પાટીયા પાસે દહેગામથી લૌકિક ક્રિયામા જઈને આવતી ઈકો કાર જીજે.૯.બીબી.૯૨૧૭ અને ચિલોડા તરફથી આવતી કાર જીજે.૦૯.બીઈ.૦૬૮૪ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જોકે બન્ને કાર પ્રાંતિજની હતી.

અકસ્માત એટલો બધો ભયંકર હતો કે રેનોલ્ટ કેવિડ કંપનીની કાર રોડની વચ્ચે આવેલ ડિવાઈડર ઉપર ચઢી ગઈ હતી અને ડીવાઈડર વચ્ચે આવેલ ઝાડ કારનુ પતરૂ ચીરીને ઝાડ વચોવચ આવી ગયું હતુ. ઈકો કારમાં સવાર નગરપાલિકાના પૂર્વ મહિલા સુંદરબેન તુલસીભાઈ કહારનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. ઈકો કારમાં સવાર અન્ય છ ને ગંભીર ઈજાઓ થતા



૧૦૮ મારફતે પહેલા પ્રાંતિજ સિવિલ તથા ત્યાથી વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

## લો બોલો, ડાંગરનું ભેળસેળયુકત બિયારણ નિકળતા ધરતી પુત્રો સલવાયા

**પ્રાંતિજ ખાતે આવેલ સરદાર ડેપોમાંથી લીધેલ ડાંગરનું બિયારણ ભેળસેળ યુકત નિકળ્યું : ૨૦૦ વિઘાથી પણ વધારે વાવેતર કરેલ છે : ખેડૂતોની રજુઆત બાદ પણ કોઇ કાર્યવાહી નહીં**

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ડાંગરની ખેતી કરતા ધરતી પુત્રોએ સરદાર કંપનીનું લીધેલ ડાંગરનું સરદાર કંપનીનું માર્કાવાળુ વિશ્વાસ રાખીને બિયારણ લીધું હતું અને પોતાના ખેતરોમાં અને પલ્લાચર-બાલીસણા ગામ ખાતે જ ૨૦૦થી પણ વધારે ખાતર અને દેખરેખ મહેનત બાદ ડાંગર ખેતરોમાં તૈયાર થતા વધઘટ રીતે ત્યાર થતા લાલ સફેદ દાણા દેખાતા હાલ તો ખેડૂતો છેતરાયા હોવાનો




બિયારણ ભેળસેળયુકત નિકળ્યું ૨૦૦ વિઘાથી પણ વધારે ડાંગરનું વાવેતર માત્ર પલ્લાચર અને બાલીસણામાં કરવામાં આવ્યું છે ત્યારે હાલ તો પોષણ ભાવને લઈને ખેડૂતોમાં ચિંતાના વાદળો ઘેરાયા હતા.

પ્રાંતિજ ખાતે આવેલ સરદાર જીએટીએલ કિસાન સુવિધા કેન્દ્રમાંથી પ્રાંતિજના પલ્લાચર અને બાલીસણાના ડાંગર પકવતા ખેડૂતો દ્વારા વિધા માં ડાંગરનું વાવેતર કરવામાં આવ્યુ છે અને હાલ તો સરદાર ડેપોમાંથી લીધેલ સરદાર કંપનીનું ડાંગરનું બિયારણ ભેળસેળયુકત જણાઈ આવતા ખેડૂતોએ સરદાર ડેપોમાં રજુઆત કરી હતી. પણ ડેપો દ્વારા પણ ખેડૂતોને કોઈ જ આશ્વાસન પણ આપવામાં આવ્યુ નથી અને ઉપર અમે જાણ કરી છે તેવું કહેવામાં આવ્યું છે. ત્યારે હાલ તો દવા એહસાસ કરી રહ્યા છે અને મીક્ષ બિયારણ હોવાથી પોષણ ભાવને લઈને હાલ તો મુશ્કેલીમાં મુકાયા છે. ખેડૂતો દ્વારા સરદાર ડેપોમાં રજુઆત કરી છે ત્યારે હવે જોવું એ રહ્યું કે કંપની દ્વારા ખેડૂતોને વળતર કે પછી જે માર્કેટ ભાવ હોય તે ભાવ આપવામાં આવશે કે પછી ખેડૂતો ને રાતા પાણીએ રોવાનો વારો આવશે એતો આવનાર દિવસોમાં જ ખબર પડશે.

## ખેડબ્રહ્માનું બજાર સોમવારે સંપૂર્ણ બંધ રહ્યું

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા શહેરમાં છેલ્લા એક અઠવાડિયામાં કોરોનાના કેસ વધી રહ્યા હોય ખેડબ્રહ્મા નગરપાલિકા ધ્વારા લોકોને આગામી સોમવારથી સાત દિવસ માટે બઝાર સદંતર બંધ રાખવા અપીલ કરવામાં આવી છે. જેને લઈ ખેડબ્રહ્માના વેપારીઓએ સોમવારે બજાર સંપુર્ણ બંધ રાખ્યું હતું. મેડિકલ સિવાયની તમામ દુકાનો બંધ જોવા મળી હતી.

## અરવલ્લી જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાનો લાભ આપવામાં આવશે

મોડાસા, અરવલ્લી જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (સંકટ મોચન યોજના) અંતર્ગત ગરીબી રેખા હેઠળ ૦ થી ૨૦નો BPL સ્કોજર ધરાવતા કુટુંબના મુખ્ય કમાઉ વ્યક્તિ (સ્ત્રી કે પૂરૂષ)નું મૃત્યુ કુદરતી રીતે અથવા અકસ્માત મૃત્યુ થાય તે કુટુંબને લાભ મળવાપાત્ર છે. મુખ્ય કમાનારનું મૃત્યુ થતા કુટુંબને ૨૦,૦૦૦/-ની સહાય લાભાર્થીને તેના બેંક એકાઉન્ટિમાં ડી.બી.ટી. દ્વારા જમા કરાવવામાં આવે છે.

મૃત્યુ પામનાર પૂરૂષ કે સ્ત્રી ઉમર ૧૮ વર્ષથી વધુ અને ૬૦ વર્ષથી ઓછી હોવી જોઇએ. અવસાન થયાના ૨ વર્ષમાં અરજી સંબંધિત તાલુકાની મામલતદાર કચેરીમાં કરવાની થાય છે. આ યોજના વિષે વધુ માહિતી માર્ગદર્શન માટે તાલુકાની મામલતદારશ્રીની કચેરીનો સંપર્ક કરી શકાશે.

## ભિલોડા ગ્રામ પંચાયતની કામગીરી સામે આક્રોશ

**ત્રિભોવનનગર સોસાયટીમાં વરસાદી પાણી ભરાઈ રહેતા ગંદકી અને મચ્છરનો ઉપદ્રવ**

ભિલોડા, તા. ૧૪

ભિલોડા શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા



હોવાની ફરીયાદો ઉઠી રહી છે. ત્યારે ત્રિભોવનનગર સોસાયટીમાં ઠેર ઠેર વરસાદી પાણી સતત ભરાયેલા રહેતા રહીશોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. માખી, મચ્છરોનો પણ ઉપદ્રવ રહેતો હોવાથી રોગચાળો ફેલાવાનો ભય રહે છે. વરસાદી પાણીનો નિકાલ કરવામાં ગ્રામ પંચાયત ઉણી ઉતરી ઉતરતા અને તળાવથી લઈ તપોવન વિદ્યામંદિર સુધીના મુખ્ય માર્ગ પર પડેલા ખાડાઓ અને તેમજ રોડની આજુબાજુ ઝાડી-ઝાંખરા ઉગી નીકળતા અકસ્માતનો ભય પેદા થતા તેમની સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ કરવામાં આવેની માંગ સાથે તલાટીને આવેદનપત્ર આપી તંત્ર દ્વારા આ અંગે સત્વરે કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

ભિલોડા શહેરમાં છેલ્લા એક અઠવાડીયાથી વરસાદે વિરામ લઈ લીધો છે ત્યારે હજુ પણ અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયેલા હોવાની બુમરાડો ઉઠી રહી છે. ખાસ કરીને ત્રિભોવનનગર સોસાયટીની આજુબાજુ પાણી ભરાઈ રહેતા તેમજ તેમના વિસ્તારમા આવેલા ખુલ્લા પ્લોટમાં વરસાદી પાણી



ભરાયેલા રહેતા મિની તળાવડા સર્જાયા છે. છેલ્લા એક અઠવાડીયા કરતા વધુ સમયથી આ વરસાદી પાણી ભરાયેલા રહેતા તેમજ તેમાં કચરો ભળતા ગંદકીનું સામ્રાજ્ય છવાયું છે જેના કારણે માખી, મચ્છરોનો પણ ખુબ જ ઉપદ્રવ રહે છે અને રોગચાળો ફેલાવાનો પણ ભય રહે છે આથી આ વિસ્તારમાં રહેતા લોકો રોગચાળાનો ભોગ બને તે પહેલા તંત્ર દ્વારા પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. જે વિસ્તારમાં વરસાદી પાણી ભરાયા છે ત્યાં પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા ન થાય ત્યાં સુધી પમ્પ મુકી ઝડપથી પાણીનો નિકાલ કરવાની માંગ કરી હતી.




**રાષ્ટ્રભાષા હિન્દી દિવસ વિશ્વ અંધજન ફેલગ દિનની ઉજવણી કરતું જાયન્ટ્સ મોડાસા**

ભારત દેશના સંવિધાનમાં સર્વ સંમતિથી હિન્દીને રાષ્ટ્રભાષા તરીકે જાહેર કરવામાં આવી ત્યારથી આ દિવસને હિન્દી દિન તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ અંધજનો જે પોતાનું કામ કરી રોજીરોટી મેળવતા હોય છે તેમના માટે ચેરિટી કરીને મદદરૂપ થવા માટે અંધજન ફલેગ દિવસ દરમિયાન લોકોને આપી તેમના માટે દાન એકઠું કરવામાં આવતું હોય છે. બંને હિન્દી દિનની અંધજન દિન ઉજવણી જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશનના વા. ચેરમેન નિલેશ જોષીના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો. હિન્દી ભાષા વિશેનું મહત્વ અરવલ્લી જિલ્લાના જિલ્લા આઈ.ઈ.ડી. કો. અમિત કવિ દ્વારા સમજાવવામાં આવ્યું હતું.